# પ્રશિક્ષણ કોલેજમાં આંતરિક મૂલ્યાંકનના લેખાંજોખાં

પી.ટી.સી. અને બી.એડ્.કોલેજો પ્રશિક્ષણની કોલેજો છે. જ્યાં સૈદ્ધાંતિક જ્ઞાન કરતાં પ્રાયોગિક કાર્ય પર વધુ ભાર મૂકવામાં આવે છે. અહીં અભ્યાસ કરનારને વિદ્યાર્થી નહીં પણ તાલીમાર્થી તરીકે ઓળખવામાં આવે છે. આ કોલેજોને માત્ર કોલેજ નહીં પણ તાલીમી કોલેજ કહેવામાં આવે છે. અહીં પ્રવેશ મેળવનાર શિક્ષણ લે છે, તેમ કહેવા કરતાં તાલીમ મેળવે છે તેમ કહેવું વધારે ઉચિત ગણાય છે.

શાળા-કોલેજોમાં અપાતા આંતરિકગુણ એ બીજું કશું જ નથી, પણ વિદ્યાર્થીની આંતરિક શકિત અને કૌશલ્યનું માપન છે. દાક્તર બનવા ઇચ્છતોં વિદ્યાર્થી વાંચીને પરીક્ષા પાસ કરીને ઓપરેસન થિયેટરમાં જશે તો ચાલશે? તો તેવી જ રીતે પ્રશિક્ષણ કોલેજમાં અભ્યાસ કરતો તાલીમાર્થી વાંચીને પરીક્ષા આપી, પાસ થઇને સીધો જ વર્ગખંડમાં ભણાવવા જશે તો ચાલશે? મને યાદ છે..... આજથી કેટલાંક વર્ષ પૂર્વે એક તાલીમાર્થીએ મને પૂછેલું કે સાહેબ, બી.એડ્.માં હાજરી ફરજિયાત કેમ રાખો છો. અમે ઘેર વાંચીને પરીક્ષા આપીશું. જે વધુ હોશિયાર હશે તે આગળ રહેશે ાને નબળા નાપાસ થશે. મારો જવાબ હતો... દોસ્ત, તને તરતા આવડે છે? તાલીમાર્થીએ જવાબ “ના” આપેલો. પછી મેં તેને કહ્યું કે, તરવું એ તો રમત વાત છે. તરવા માટે ઊંડા પાણમિાં પડીને માત્ર હાથ-પગ જ હલાવવાના હોય છે. લે હું તને લખીને આપું કે કઇકઇ રીતે તરી શકાય. તું બરાબર વાંચીને યાદ રાખીને પછી ઊંડા પાણીમાં પડજે. તરત જ પેલા તાલીમાર્થીએ જણાવેલું કે, ના સાહેબ. તો તો ડૂબી જવાય. મેં તને સમજાવેલ કે જ્ઞાન તો છે તારી પાસે કે કેવી રીતે તરવું. તો ડૂબી કેમ જવાય? તો તરવા માટે માત્ર જ્ઞાન એકલું જેમ કામ નથી આપતું તેમ દર્દીને ઓપરેશન કરવા કે બાળકોને શિક્ષણ આપવા એકલું જ્ઞાન કામ ન આવે. તે માટે કેટલાંક કૌશલ્યો હસ્તગત કરવા પડે. આ કૌશલ્યો હસ્તગત કરવા માટે જ તાલીમની જરૂર છે. જે ભવિષ્યમાં પોતાના વ્યવસાય માટે અત્યંત જરૂરી હોય છે.

પ્રશિક્ષણ સંસ્થાઓમાં જ્યારે તાલીમ આપવામાં આવે છે ત્યારે ભવિષ્યના શિક્ષકને ધ્યાનમાં રાખીને તાલીમ ાપાતી હોય છે. પ્રશિક્ષણાર્થી પાસે કરાવવામાં આવતાં કામ સમયપસાર કરવા માટે નથી હોતા. તેની પાછળ શિક્ષણની ફિલોસોફી અને મનોવિજ્ઞાન રહેલું છે. દરેક તાલીમાર્થી પોતાની આવડત અને રસ પૂર્વક વિવિધ પ્રકારના કાર્યો કરી કૌશલ્યો હસ્તગત કરે છે. આ કૌશલ્યોનું માપન અધ્યાપક પોતપોતાની રીતે વિવેકબુદ્ધિથી કરે છે. જેને સૌ આંતરિક મૂલ્યાંકન કહે છે. જેના કારણે તાલીમાર્થીઓ ફરજિયાતપણે કામ કરે છે. એટલું જ નહીં સબળા તાલીમાર્થીને પ્રોત્સાહન મળે છે અને નબળો તાલીમાર્થી પોતાની મર્યાદાથી પરિચિત થઇને સુધારવાનો પ્રયાસ કરે છે.

તાલીમી કોલેજોમાંથી જો આંતરિક મૂલ્યાંકન દૂર કરવામાં આવે તો..........? મોટાભાગના તાલીમાર્થી કોલેજમાં જવાનું ટાળશે. અધ્યાપક તેને કશું જ કહીં નહીં શકે અને કહેશે તો પણ તાલીમાર્થી તેનું પાલન નહી કરે. કોલેજોમાંથી દર વર્ષે પુસ્તકીયા કિડાઓ બહાર પડશે. જેને અધૂરા શિક્ષક તરીકે ઓળખી શકાય. આવા અધૂરા શિક્ષક બહાર પાડવા હોય તો આંતરિક મૂંલ્યાકન રદ કરવાની ચેષ્ઠા કરાય.

શાળા-કોલેજોમાં થતાં આંતરિક મૂલ્યાંકનની બીજી બાજુ પણ છે. ઘણી કોલેજોમાં ઘણાં અધ્યાપક દ્વારા તાલીમાર્થીનું એક કે બીજી રીતે શોષણ કરીને વધુ પ્રમાણમાં ગુણ આપવામાં આવે છે. જે વાસ્તવિક અને

કલંકિત છે. અહીં દોષ કોને દેવો? અધ્યાપક, તાલીમાર્થી ,વાલી કે સમાજને? મારા મત મુજબ આ ચારે પરિબળો દોષિત છે. તાલીમાર્થી પણ દોષિત કહેવાય.. કારણ કે તે એવો તે કેવો છે કે તેને વધુ ગુણ માટે શોષાવું પડે છે. પોતાની નબળાઇ હોવા છતાં વધુ અપેક્ષા જ આમ કરવા પ્રેરે છે. આમછતાં તેના કરતાં પણ અધ્યાપક વધુ દોષિત છે. તેણે તો તટસ્થ રીતે મૂલ્યાંકન કરવાનું છે. વિદ્યાર્થીને તો ગરજ છે કે શોર્ટકટ અપનાવીને ફાયદો ઉઠાવવો છે, પણ અધ્યાપકે આમ કરવાની કોઇ જ જરૂર નથી. તે શોષણ દ્વારા જે કાંઇ પણ મેળવે તે બધી જ રીતે પાપ જ ગણાય. પોતે તો પરિપકવ અને સારાનરસાનો ભેદ પારખનાર છે. આવા પરિપકવ વ્યક્તિ દ્વારા જાણી જોઇને કરાતું શોષણ કોઇપણ રીતે બચાવને પાત્ર નથી. ખરેખર તો તે શિક્ષાપાત્ર જ ગણાવું જોઇએ. અહીં એક પ્રશ્ન એ પણ ઊભો થાય કે શિક્ષક-અધ્યાપકના મનમાં આવા દુષિત વિચારો આવ્યાં ક્યાંથી? તેનો જવાબ મનોવિજ્ઞાન આપે છે કે વ્યક્તિ જે પણ શીખે તે તેના વાતાવરણમાંથી શીખે છે. આપણા સમાજે એવું વાતાવરણ પૂરું પાડ્યું છે કે જેમાં જીવતો શિક્ષક પેલી શોષણની મનોવૃત્તિ ધરાવતો થઇ ગયો. તેને ના કોઇએ રોક્યો કે ના કોઇએ શિખામણ આપી! હા... એવી શક્યતા ભરપૂર છે કે ભૂતકાળમાં જ કોઇ વાલીએ તેને આમ કરવા પ્રેર્યો હોય કે અન્ય જગ્યાએ તેનું પણ કોઇએ શોષણ કરેલ હોય. તેનો અર્થ એવો હરગીજ નથી કે જે શોષાયું હોય તેણે બીજાનું શોષણ કરવું. પણ તે બાબત એટલીજ નક્કર છે કે જે તેમ કરવા પ્રેરે છે. આજે પણ પ્રાથમિક કે માધ્યમિકકક્ષાએ વાલીઓ શિક્ષકને ભ્રષ્ટાચાર માટે કેટલા પ્રેરે છે! વર્ષ દરમિયાન શિક્ષક સામે મળે તો પણ ન બોલાવનાર વાલી આંતરિક મૂલ્યાંકનના દિવસોમાં શિક્ષક સાથે પરિચય કેળવીને કે જૂના સંબંધો યાદ કરાવીને પોતાના બાળકને ફાયદો કરાવવાનો પ્રયત્ન કરે છે.

આજે  કેટલીક વ્યકિંત શાળા-કોલેજોમાંથી આંતરિક ગુણાંકન દૂર કરવાની વાત કરે છે. તેમની ફરિયાદ શોષણની અને તટસ્થતા અંગેની છે. તેમની ફરિયાદ કેટલાક અંશે સાચી છે. પણ ઉકેલ ખોટો છે. રોગ થવાથી રોગને દૂર કરવાને બદલે અંગને જ દૂર કરવું તે કેટલા અંશે વાજબી ગણાય? જો પુસ્તકના જ્ઞાનને જ મહત્ત્વનું ગણવું હોય તો શાળા-કોલેજોમાં હાજરી ફરજિયાત શા માટે. જે જાતે સમજી વિચારી શકે છે અને કોલેજમાં આવ્યા વગર પરીક્ષા આપવા વિચારે તો તેને રોકવો ના જોઇએ. ફરજિયાત હાજરીનો આગ્રહ શા માટે? શાળા-કોલેજો બંધ કરીને ટ્યુશન ક્લાસીસ શરૂ કરીએ તો પણ ચાલે જ ને? ત્યાં માત્ર પુસ્તકિયું જ જ્ઞાન અપાય છે ને?પણ આ વિચાર સાથે કોઇ સહમત નહીં થાય. ટ્યુશન ક્લાસીસ ક્યારેય શાળા-કોલેજનું સ્થાન લઇ ના શકે. ઘેર બેસીને જ અભ્યાસ થતો હોય તો શાળા-કોલેજો ખુલી ના હોત. એટલે કે શાળાકોલેજો પુસ્તકિયા જ્ઞાન કરતાં વિશેષ આપે ચે અને તે લેવા માટે વિદ્યાર્થીઓ શાળામાં જાય છે. આ વધારાનું જે લેવા જાય છે તેને પ્રોત્સાહન આપવા માટે જ આંતરિક મૂલ્યાંકન છે. માટે જ સૌને વિનંતી કે આંતરિક મૂલ્યાંકન દૂર કરવાની વાતથી દૂર રહો.... હા તે માટેની પદ્ધતિમાં ફેરફાર કરી શકાય. આવો આપણે સૌ એ તરફ વિચાર કરીએ.